# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ઉત્તર ઝોનના તાબા હેઠળના વહિવટી વોર્ડ નં ૦૫, ૦૭ અને ૦૮ ના હદ વિસ્તાર માં આવેલી તમામ રહેઠાણ, બીન રહેઠાણ, ઔદ્યોગીક એકમોની તમામ મિલકતોના સને ૨૦૨૧-૨૨ના વર્ષના આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ ‘ક’ ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબની પ્રસિધ્ધી બાબતે જાહેર નોટીસ

ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતી મુજ્બ મિલ્કતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા ઉત્તર ઝોનના (વોર્ડ નં. ૦૫, ૦૭ અને ૦૮) હદ વિસ્તારમાં આવેલી રહેણાંક, બીન રહેણાંક અને ઔધોગિક એકમો ની તમામ મિલક્તોના સને ૨૦૨૧-૨૨ ના વર્ષના આકારણી રજીસ્ટર આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ રજીસ્ટરમાં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરીના કામકાજના દિવસોમાં સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી સંબઘિત વહીવટી વોર્ડની કચેરીમાં જોવા મળશે. આકારણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોંઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી તા.૦૭ -૧૦-૨૦૨૧ સુધીમાં નિયત કરેલા ફોર્મમાં કે સાદા કાગળમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવા.

અન્ય બાબત-(૧) વાંધા અરજીનું ફોર્મ નિયત કિંમતે વોર્ડ કચેરીએથી વેચાણથી આપવામાં આવશે તેમજ અરજદાર સાદા કાગળ પર પણ વાંધા અરજી કરી શકશે. (૨) સદર જાહેરાત સંબધી વધુ વિગતો/જાણકારી/સમજ મેળવવા કચેરીનાં કામકાજનાં સમયમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવો.

પી.આર.ઓ.નં. ૪૮૪ /૨૦૨૧-૨૨ મ્યુનિસિપલ કમિશનર